જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૨૬/03/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૫૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી ૨૩૭ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા મુજબ ૦૪ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૮૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૫૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૫૬૦/૧૬**

**સરદારનગર** : ઇન્દુબહેન દેવાભાઇ બારેસા (રહે.વાલ્મીકી આવાસ, નોબલનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૩/૧૬ સવારના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાની દિકરી અનીતા (ઉ.વ.૧૫) ને ઘર નજીક રહેતો આરોપી કિશોર મોહનભાઇ ચૌહાણ (ઉ.વ.૧૮) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૫૬૧/૧૬**

**કાલુપુર** : કિશનભાઇ કોલોરામ પુરસવાણી (રહે.લા.હેબીટેડ આઇના કોમ્પલેક્ષ પાસે, મારૂતીનંદન વીલા સામે, હેબતપુર રોડ, થલતેજ) એ તા.૨૫/૩/૧૬ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૧/૨૦૧૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) કે.શી.વર્ગીસ (૨)સબે સ્ટીયન (૩) દિલીપકુમાર (૪) અનિલકુમાર નાઓએ ભેગામળી કિશનભાઇની કાલુપુર મસ્કતી માર્કેટ ખાતે આવેલ ક્રિષ્ના ટેક્ષટાઇલ્સમાંથી તેમજ સાહેદો પાસેથી કુલ રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- મતાનો કાપડનો માલ મેળવી લઇ, તે પેટે કોઇ પેમેન્ટ નહીં ચુકવી તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.ડી.ઉપાધ્યાય ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૫૬૨/૧૬**

**દાણીલીમડા** : અમૃતભાઇ રતિલાલ રાઠોડ (રહે.ક્રિષ્ના ફ્લેટ, જયજગત સોસાયટી પાસે, બહેરામપુરા) એ તા.૨૫/૩/૧૬ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૩/૧૬ રાતના ૮/૩૦ થી તા.૨૫/૩/૧૬ સવારનાં ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૪,૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.કે.રાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૬૩/૧૬</u>**

**ઇસનપુર** : ડૉ.ભાનુપ્રસાદ બાબુલાલ પટેલ (રહે.ચિત્રકુટ ગામ સોસાયટી, કુમકુમ વિધ્યાલય પાસે, આવકારહોલ ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૩/૧૬ રાતના ૯/૦૦ થી તા.૨૫/૩/૧૬ નાં કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન અજાણી વ્યક્તિ પોતાના ઘરમાં પ્રવેશ કરી, રોકડ રૂપિયા ૧,૦૪,૦૦૦/- અને જરૂરી દસ્તાવેજોની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ગુલાબસિંહ સોનાભાઇ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૫૬૪/૧૬**

**બાપુનગર** : આશાબહેન W/O ફકિરચંદ અગ્રવાલ (ઉ.વ.૬૦)(રહે.મારૂતી બંગ્લોઝ, બ્રમ્હાકુમાર સેન્ટરની સામે, કેમ્પ રોડ શાહીબાગ) તા.૨૫/૩/૧૬ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે બાપુનગર દિનેશ ચેમ્બર ચાર રસ્તા, બેસ્ટ મોબાઇલ નામની દુકાન આગળથી પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યો પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના અશરાનો) આશાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ આશાબહેન અગ્રવાલે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.

**<u>પાણીની ટાંકી ઉપરથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૬૫/૧૬</u>**

**ચાંદખેડાઃ** અનુપભાઇ લુકાસભાઇ લગુન (ઉ.વ.૨૬)(રહે.ટી.પી.૪૪, એમ.એસ.ખુરાના સાઇટ ઉપર) કામ કરતાં હતા. તા.૨૫/૩/૧૬ રાતના ૧/૦૦ વાગ્યાના સુમારે સાઇટનાં ચોથા માળે સુવા માટે ગયેલ હતો દરમ્યાન ઉંઘમાં ટાંકી ઉપરથી નીચે પડી જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં લઇ જતાં, સારવાર દરમ્યાન કલાક ૩/૧૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઇ. શ્રી અબ્દુલભાઇ મુસાભાઇ ચલાવે છે.

**<u>દાઝી જતાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૬૬/૧૬</u>**

**ચાંદખેડાઃ** રોનક સ/ઓ દિલીપભાઇ પરમાર (ઉ.વ.૧૯)(રહે.ચામુંડાનગર, વેલજીભાઇનો કુવો, મોટેરા, ચાંદખેડા) તા.૨૪/૩/૧૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાયમસ ઉપર ચા બનાવતી વખતે પ્રાયમસમાં ભડકો થતાં, રોનક શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર અર્થે તેને સિવીલ હોસ્પીટલમાં લઇ જતાં, સારવાર દરમ્યાન તા.૨૫/૩/૧૬ નાં કલાક ૦૦/૧૫ વાગે રોનકનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઇ. શ્રી અબ્દુલભાઇ મુસાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)